શક્તિપૂર્વક, વિશ્વાસપૂર્વક આ શબ્દો મોટેથી બોલી કાઢી નાખવી કે 'મારા અર્ધજાગૃત મન પર મારી ખોટી કલ્પનાઓમાંથી જન્મેલી બધી ખોટી છાપોનો હું નાશ કરું છું. ભગવાનને હૃદયમાં રાખી હું હવે નવી સંપૂર્ણ છાપો સર્જું છું. આરોગ્ય, સંપદા, પ્રેમ અને સંપૂર્ણ આત્માભિવ્યક્તિની છાપવી' જે આવશક્ય છે.

આગલા લેખમાં સમૃધ્ધિનો નિયમ, શબ્દની શક્તિ, અ-વિરોધનો નિયમ, કર્મનો નિયમ અને ક્ષમાશીલતાનો નિયમ, બોજો ફેંકી દો, પ્રેમ, અંતઃસ્ફુરણ કે માર્ગદર્શન, દૈવી યોજના અને ઈન્કાર અને સ્વીકારને વાંચ્યા પછી તેના બંધનોમાંથી મુક્ત થઈ સત્યને પામવા પર જણાવશું.

❊ ❊ ❊

# ખાટલામાં સુવાનાં અગણિત ફાયદાઓ

✍ ડૉ. રીટા ગાંધી

આ ખાટલાનું મહત્વ ભારત કરતા અન્ય દેશોમાં વધારે સમજવામાં આવ્યું છે. કેમ કે આ ખાટલામાં આરામ તો મળે જ છે સાથે જ ઘણા વૈજ્ઞાનિક કારણો પણ છે જે આપણા શરીરને તંદુરસ્ત રાખે છે અને અનેક રોગોથી પણ બચાવે છે.

તમને વિચાર આવતો હશે કે લાકડા અને કાથાની દોરીથી બનેલો આ મામુલી ખાટલો શરીર માટે લાભદાયી કઈ રીતે હોઈ શકે ?

૧. વૈજ્ઞાનિક તારણો પ્રમાણે સુતા સમયે માથા અને પગ કરતા પેટનાં ભાગમાં વધારે બ્લડ સર્ક્યુલેશનની જરૂર હોય છે કેમ કે રાતના સમયે પણ પેટમાં ખોરાકનું ડાઈજેશન ચાલુ જ હોય છે અને સુવાની તે સ્થિતી કોઈ મોર્ડન બેડ પર નહીં પણ ખાટાલમાં સુવાથી મળે છે. જે સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખે છે.
૨. દુનિયામાં કોઈપણ આરામ ખુરશી જોઈ લો તેમાં પણ ખાટલાની જેમ જ માથું અને પગ બન્ને ઉપર અને પેટને નીચે રાખતા જોવા મળશે.
૩. ખાટલા ઉપર સુવાવાળાને કમરનો દુઃખાવો કે સાંધાનો દુઃખાવો પણ નથી થતો.
૪. ખાટલાના પાયા તે મુજબ બનાવવામાં આવે છે કે તેની ઉપર કીડીઓ કે સાંપ, વીંછી કે અન્ય ઝેરીલા પ્રાણીઓ ચડી ન શકે.
૫. ખાટાલની દોરી ઢીલી થઈ જાય છે તો તેને ખેંચતી વખતે કસરત થાય છે તે ઘણા બધા યોગાસન કરવાથી થાય એટલી આ દોરી ભરવાથી થઈ જાય છે.
૬. ઉપર પગ રાખીને એકદમથી જોર લગાડવું પડે છે જેનાથી આપણું પેટ અને હાથ પગની માંસપેશીની પુરેપૂરી કસરત થઈ જાય છે.
૭. ડૉક્ટરો પણ ગર્ભવતી તથા બાળકના જન્મ બાદ મહિલાને ખાટલામાં સુવાની સલાહ આપતા હોય છે (હવે આપે છે કે નહિ એ ડૉક્ટરને જ ખબર.)

આજકાલ લોકોના ઘરમાં બેડ ઘુસી ગયા છે જે બિમારીનું કારણ છે કેમકે બેડમાં સુવાથી પેટને સારી રીતે લોહી પહોંચતું નથી. જેથી સ્વાસ્થ્ય બગડી શકે છે. સાથે જ દિવસ દરમિયાન પણ બેડ નીચે અંધારું જ રહે છે જેથી ત્યાં અન્ય ઝેરી જીવજંતુ પણ આવી શકે છે સાથે જ બેડની નીચે સાફ સફાઈ પણ સારી રીતે થઈ શકતી નથી.

જ્યારે ખાટલાની વાત કરીએ તો તેને ગમે ત્યાં ઉભો મૂકી શકાય.

❊ ❊ ❊

# પ્રસંગ

✍ તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)

પ્રત્યક્ષ પરબ્રહ્મ શ્રીજીબાવાની સેવાના પરિપ્રેક્ષ્યમાં એક પ્રસંગ...

એક વખત બાદશાહ અકબરે વલ્લભાચાર્ય શ્રી મહાપ્રભુજીને બૂમ પાડી કહ્યું,'અરે, પ્રભુજી દેખો દેખો તુમરો લલ્લન તો લાલ લાલ લગતો હૈ, વો તો શામલો હૈ! કૈસો લાલ ભયો?' ત્યારે મહાપ્રભુજીએ શ્રીજીબાવાના હાથ પર પોતાનો હાથ પસવાર્યો તો મૂર્તિ ગરમ ગરમ લાગી! એમના મોઢાંમાંથી શબ્દો સરી પડયા,'અરે મેરે લલ્લન, તેરો કો તો નજર લાગ્યો હૈ, મેરેકો તેરો નજર ઊતારનો પડેગો' આ સત્ય ઘટનામાં ક્યાંય અતિશયોક્તિ નથી.

મહાપ્રભુજી ત્યાર પછી હાથમાં ચાર દિવેટ પ્રગટાવી સાથે એક દોરો રાખી શ્રીજીબાવાના સમગ્ર સ્વરૂપને ઉપરથી નીચે તરફ આરતીની જેમ ચાર વખત ઊતારતા, આ રીતે નજર દીવામાં બળી જાય, પછી હાથમાં રાખેલો દોરો શ્રીજીબાવાના કાંડા પર અને ભૂજા પર બાંધી દેતા જેથી ગમે તેટલા ભક્તો તેમના દર્શન કરે, તેમના ધારી ધારી નિરખે, નેત્રોમાં નજર માંડી ભાવ વિભાર થઈ જાય, તો પણ શ્રીજીને ભક્તોની મીઠી નજર ના લાગે. પુષ્ટિમાર્ગી વૈષ્ણવોને એ ખબર હશે કે શ્રીનાથજીમાં આરતી ઊતાર્યા પછી આશકા નથી લેવાતી કારણ કે એ આરતી નહી પણ શ્રીજીની ઊતારેલી નજર છે. આશકા એટલે આરતી ઊતાર્યા પછી થાળી કે આરતીમાં દર્શનાર્થીઓ પૈસા મૂકી દીવા પર હાથ ફેરવી માથે અને આંખે લગાડે એને આશકા કહેવાય.

દીપ પ્રાગટયની વિધી શાસ્ત્રોમાં છે, કયા ખૂણામાં, કેવી દિવેટ રાખવી, કઈ દિશામાં રાખવી વગેરે છે. આરતીની વિધી ક્યાંય નથી અત્યારે જે આરતી કહેવાય છે એ તો શ્રી મહાપ્રભુજી દ્વારા શરૂ કરાયેલી નજર ઊતારવાની વિધી કે પ્રક્રિયા હતી, અને તેઓ મુખાર્વિંદ, નાભી, ચરણ કમળ અને સમગ્ર સ્વરૂપના ચાર આંટા જ ફેરવતા હતા.

આ વિધીએ આરતીનું સ્વરૂપ લીધું એમાં ચાર આંટા દેવના મુખારવિંદ ઉપર ફેરવાય, એક નાભિ ઉપર, ત્રણ આંટા ચરણ કમળ ઉપર અને સાત આંટા મસ્તકથી લઈ ચરણ કમળ ઉપર ઊતારવાના. આમ ૪ + ૧ + ૩ + ૭ = ૧૫ આંટા ફેરવાય પછી એ નજર ઊતારેલી આરતી કે થાળી બાજુમાં મૂકી દેવાય. આ રીતે નજર ઉતારવાની પ્રક્રિયાએ ધીમે ધીમે આરતીનું સ્વરૂપ લઈ લીધું.

વાંચકોની જાણ હેતુ, આ નજર કે આરતી એટલી ધીમી ગતિથી ઊતારવાની હોય છે કે વધારે પડતી ગતિના કારણે શ્રીજીબાવા કે કોઈપણ દેવની આંખ ખેંચાય નહીં. શ્રીજી તો પ્રત્યક્ષ પરબ્રહ્મ છે જ પરંતુ જે દેવી કે દેવતાની પ્રાણ પ્રતિષ્ઠા થયેલી હોય તેમની જ આરતી ઊતારવાની હોય છે.

શ્રીજીબાવા નાથદ્વારામાં વિ.સ. ૧૭૨૮ થી બિરાજે છે. જેમની સેવા શ્રી મહાપ્રભુજી જે રીતે કરતા તે જ રીતે અને તે સમય પ્રમાણે આજે પણ થાય છે જેમ કે,

મંગળા આરતી સવારે ૫ કલાકે. જેમાં ભગવાને કટિ વસ્ત્ર જ પહેર્યું હોય છે. મંગળા સમયે સો પાનનું એક બીડુ થાય એવું મોટું બીડુ જેમાં બનારસનો સ્પેશ્યલ મુખવાસ, કેસર, ઈલાયચી, કસ્તુરી, સુવર્ણ વરખ વગેરે નાખીને બનાવે છે. ઉપરાંત શિયાળાની ઠંડીમાં રોજ સૌભાગ્ય સુંઠ પણ ધરાવવામાં આવે છે.

૭ થી ૭.૩૦ શણગારનો સમય છે. આમાં જે વાઘા પહેરાવાય છે તે એક જ વખત માટે પહેરાવે છે. તે રિપીટ થતા નથી. શ્રીજીના નેત્રોના અંજન માટે સોનાની ઘંટીમાં મોતી, બરાસ વગેરે દળી સૂરમો બનાવે તેનું સોનાની સળીથી અંજન થાય છે. આ મોતી જયપુરના મહારાજ તરફથી જ આવે છે. ઉપરાંત ધનકોષમાંથી શ્રીજીના અલંકારો કાઢે તેની રજીસ્ટરમાં નોંધ થાય, પછી જ પહેરાવાય છે. આ અલંકારો સાંજે ૪ વાગે ધનકોષમાં પાછા મૂકાય તેની પણ એન્ટ્રી થાય છે.

સવારે ૯ થી ૯.૩૦ ગ્વાલના દર્શન. જેમાં શ્રીજી એમના ગોપબાળ સાથે રમવા જાય છે તેનો મહિમા છે.

૧૧.૩૦ થી ૧૨ રાજભોગ દર્શન. જેમાં બત્રીસ જાતના તેજાનાની વાનગી, મિશ્રીના લાડુ, દૂધ, સાકર, મેવો વગેરે ૫૬ પ્રકારના પકવાન ધરાવાય છે. આ ભોગમાં જે કસ્તુરી ધરાવાય છે તે આજે પણ જયપુરના મહારાજા તરફથી આવે છે.

શ્રીજીબાવા અને એકલીંગજી મહારાજ બંને એક જ થાળ અને સાથે જ જમે છે. શ્રીનાથજીમાં રાજભોગ સમયે એકલીંગજી મહારાજ પધારીયો એમ ત્રણ વખત આહ્વાન કરાય છે, એ જ રીતે એકલીંગજીમાં શ્રીનાથજીબાવા પધારીયે એવું મોટેથી બોલીને ત્રણ વખત આહ્વાન કરાય છે.

એકલીંગજી મહારાજ એ મહાદેવનું સ્વરૂપ છે. જેમની પૂજા વૈષ્ણવ સંપ્રદાય પ્રમાણે જ કરવામાં આવે છે. જેમ શ્રીનાથજીમાં ૫ વખત પૂજા છે, જે પૂજા માટેનું પાણી પરિસરના કૂવાનું ઉપયોગમાં લેવાય છે એ જ રીતે એકલીંગજીમાં પણ ૫ વખત જે અભિષેક કરાય તે માટે મહાદેવના પરિસરમાં જે વાવ છે તેના જ પાણીનો ઉપયોગ થાય છે. ઉદયપૂરના મહારાજા આ મહાદેવની પૂજા દર સોમવારે ૧૦ થી ૧૨ કરે છે, તે સમયે બીજા કોઈને દર્શન માટે રજા નથી.

બપોરે ૩.૩૦ વાગે છેલ્લી શયન આરતી થાય છે. જેનો અગાઉ ઉલ્લેખ કર્યા પ્રમાણે અને શ્રીજીબાવાએ મેવાડ ઘરાનાની દીકરી સાથે શરત કર્યા મુજબ સાંજના ૪ વાગ્યાથી સવારના ૫ વાગ્યા સુધી શ્રીનાથજીબાવા વૃંદાવનના જતીપુરા ગામની બાજુમાં આવેલા નિધીવનમાં રાત્રી રોકાણ કરે છે. ❊ ❊ ❊

## મુંબઈમાં ડિજિટલ બેસ્ટ બસ સ્ટેશન...

✍ **નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)**

મુંબઈમાં દરરોજ લાખો લોકો બેસ્ટ બસમાં મુસાફરી કરે છે અને પોતાના નક્કી સ્થળો પર પહોંચે છે. મુંબઈમાં બેસ્ટ બસની બસો મુસાફરી કરવાની રીતમાં ઝડપી અને સાથે સાથે સસ્તી પણ છે. મુંબઈમાં બેસ્ટની બસો દ્વારા લોકોની મુસાફરીને આરામદાયક બનાવવા માટે નવી નવી યોજનાઓ બનાવવામાં આવે છે. મુસાફરોની સુવિધાઓને ધ્યાનમાં રાખતા મુંબઈમાં વરલી વિસ્તારમાં ડિજિટલ બસ સ્ટોપની શરૂઆત કરવામાં આવી છે.

**આ બસ સ્ટેશન પર લાઈબ્રેરીની સુવિધા**

બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટના આ બસ સ્ટોપ પર આધુનિક સેવાઓનો સમાવેશ છે. વરલી બસ સ્ટોપ પર મુસાફરોની સુવિધાઓ માટે લાઈબ્રેરી બનાવવામાં આવી છે. જ્યાં તેઓ આ પુસ્તકોને વાંચી શકે છે. સાથે જ બસ સ્ટોપ પર સીસીટીવી કેમેરા અને ચાર્જીંગ પોટઈન્ટની સુવિધા પણ આપવામાં આવી છે. આ સિવાય બસ સ્ટોપ પર મહિલા મુસાફરોની સુરક્ષાનું પણ ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

મહિલાઓ જો બસ સ્ટો પર અસુરક્ષિત અનુભવ કરે, તો તેઓ સેફ્ટી એલાર્મનો ઉપયોગ કરી શકે છે. મહિલાઓની સુરક્ષા માટે બસ સ્ટોપ પર ગાર્ડને રાખવામાં આવ્યા છે. આ સિવાય સ્ટોપ પર ક્યૂઆર કોડ પણ લગાડવામાં આવ્યો છે. મુસાફર આ ક્યૂઆર કોડનો ઉપયોગ કરીને સ્ટોપની આસપાસના લોકપ્રિય સ્થળો અને હાજર શૌચાલયોની જાણકારી મેળવી શકે છે.

નેશનલ સ્પોટર્સ કલબ ઓફ ઈન્ડિયાએ આ બસ સ્ટોપને શાનદાર લુક આપ્યો છે. ૩૫ (પાંત્રીસ) લાખ રૂપિયાના ખર્ચે ડિજિટલ બસ સ્ટોપને પુનર્નિમિત કરવામાં આવી છે. મુંબઈમાં લગભગ ૩૦૦૦ બસ સ્ટોપ આ રીતે આધુનિક બસ સ્ટોપમાં બદલવાની તૈયારીઓ થઈ રહી છે. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે એક બસ સ્ટોપના પુનનિર્માણમાં ૨૦-૩૫ લાખ રૂપિયાનો ખર્ચ થઈ શકે છે.

❊ ❊ ❊

# શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી

✍ નિમિષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)

'ભક્તિ માર્ગાબ્જમાર્તણ્ડ' જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો આ વર્ષે એટલે કે ઈ.સ. ૨૦૨૩માં ૫૪૬ મો પ્રાગટય મહોત્સવ ઉજવ્યો. તેઓ ભારતનાં ભક્તિમાર્ગના એક મહાન આચાર્ય હતા.

તેઓનાં પૂર્વજ શ્રી યજ્ઞનારાયણ ભટ્ટે જ્યારે પ્રથમ સોમયજ્ઞ કર્યો ત્યારે યજ્ઞની વેદીમાંથી સાક્ષાત ભગવાને પ્રગટ થઈને તેમન વરદાન આપ્યું કે સો સોમયજ્ઞ પૂરા થશે ત્યારે ભગવાન પોતે એમના કુળમાં પ્રગટ થશે. જ્યારે કુળની પરંપરાનુસાર શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ પાંચ સોમયજ્ઞ કરીને સો સોમયજ્ઞ પૂરા કર્યા ત્યારે વિક્રમસંવત ૧૫૩૫ના વૈશાખ કૃષ્ણ એકાદશીનાં શુભ દિવસે માતા ઈલ્લામાગારુએ મધ્ય પ્રદેશ (છત્તીસગઢ) ના રાયપુર જીલ્લામાં અગ્નિકુંડમાં મહાપ્રભુજીને જન્મ આપ્યો હતો.



મહાપ્રભુજીએ વિષ્ણુચિત નામના ગુરુજી પાસે શિક્ષા લીધી. બાળપણમાં જ આપશ્રીએ સંપૂર્ણ વેદ, વેદાંત, ષડ્‌શાસ્ત્ર, ગીતા, પુરાણ તેમજ અન્ય ગ્રંથોમાં પારંગતતા પ્રાપ્ત કરી લીધી અને 'બાલ સરસ્વતી' તરીકે ઓળખાતા હતા.

એમણે ત્રણ વખત ભારતની પગે ચાલીને પરિક્રમા કરી. તે દરમિયાન દક્ષિણમાં વિદ્યાનગર રાજ્યમાં ૨૮ દિવસ સુધી માયાવાદીઓ સાથે શાસ્ત્રાર્થ કરી શુદ્ધાદ્વૈત, એવા બ્રહ્મવાદનું સ્થાપન કર્યું. ત્યાં તેઓશ્રીનો કનકાભિષેક કરીને 'અખંડ ભૂમંડાલાચાર્ય જગદ્‌ગુરુ શ્રી મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્ય' ની પદવી આપી. ત્યાંના રાજા કૃષ્ણદેવરાયે તેમને સન્માનિત કર્યાં. ત્યાંથી પ્રાપ્ત બધુંજ સુવર્ણ બ્રાહ્મણોમાં વહેંચી લીધું અને ત્યાગનું સચોટ ઉદાહરણ પૂરું પાડયું. મધ્ય પ્રદેશ સ્થિત ઓરછામાં શાસ્ત્રાર્થ કરીને વિદ્વતાનું ઉદાહરણ પૂરું પાડયું અનેક જીવોને શરણે લીધા અને સેવા માર્ગ બતાવ્યો. બ્રહ્મસંબંધ આપી દૈવીજીવોનો ઉધ્ધાર કર્યો. પ્રથમ દીક્ષા દામોદરદાસ હરસાનીજીને આપી.

આપશ્રીનો વિવાહ કાશીના દેવેન વર્માની સુપુત્રી શ્રી મહાલક્ષ્મીજી સાથે થયો. આપશ્રી ને ગોપીનાથજી અને વિઠ્ઠલનાથજી, શ્રી ગુંસાઈજીનું પુત્ર સ્વરૂપે, ભગવદ્ સ્વરૂપનું પ્રાગટય થયું.

શ્રી મહાપ્રભુજીએ પુષ્ટી જીવોને પુષ્ટી પ્રભુનો સેવા સ્મરણનો માર્ગ દેખાડયો અને ભવિષ્યમાં પણ પુષ્ટી જીવોને કોઈ પ્રકારની તકલીફ ના થાય એ માટે અનેક ગ્રંથોની રચના કરી.

ભગવદ્ આજ્ઞાથી આપશ્રીએ ગૃહસ્થાશ્રમ ત્યાગીને ત્રિદંડ સંન્યાસ ગ્રહણ કર્યો. નિર્જલ-નિરાહાર બિરાજી પોતાના પુત્રો તેમજ વલ્લભની સૃષ્ટિને શિક્ષા શ્લોકોનો ઉપદેશ આપી વિ.સ. ૧૫૮૭, અષાઢ શુકલ ૨ ને દિવસે કાશીનાં હનુમાન ઘાટ પર ગંગાજીની મધ્ય ધારામાં પ્રવેશ કર્યો અને અલૌકિક તેજપુંજ સ્વરૂપે સદેહે નિત્ય લીલામાં પધાર્યા. આ પ્રકારે આપશ્રીએ આસુર વ્યામોહ લીલા બતાવી.

❋ ❋ ❋

મનોજ (લખો) નટવરલાલ ધારીઆ (કુણીવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# વાતવરણનાં વહેણ

✍ ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ

પ્રવાહમાં જોર હતું. પવનમાં ખેંચ હતી. એક પીછું મેં ઊડાવ્યું અને પવનનાં પ્રવાહ સાથે પીછું ઉડી ગયું. બાળકોને રમાડવા લાકડાની હોડી નદીમાં તરતી મૂકી અને હોડી પાણીનાં પ્રવાહ સાથે તણાઈ ગઈ. હરિદ્વારમાં 'હરકી પોઢી' માં વહેતી ગંગા નદીમાં મે દિવડો પ્રગટાવી તરતો મૂક્યો અને દિવડો પાણીનાં પ્રવાહ સાથે વહી ગયો. ભાવાર્થ એજ છે કે જેમ હવાનાં, વાતાવરણમાં કે નદીનાં પાણીનાં પ્રવાહમાં ખેંચાણ છે તેવી રીતે સમાજમાં વ્યક્તિ સાથે સામાજીક વ્યવસ્થાના વાણી, વર્તન, વિચારોનો પ્રવાહ જોડાયેલો હોય છે. તેથી સમાજમાં માન મર્યાદા સાચવવા આવશ્કય બની રહે છે. આ સામાજીક ચુંબકીય દબાણનો ભાર અતિ ભારે હોય છે. આ દબાણ નીચે વ્યક્તિ દબાઈ જાય છે. કચડાઈ જાય છે. પોતાનું અસ્તિવ ખોઈ બેસે છે. પોતાનું સ્વાતંત્ર્ય છીનાવા દે છે એને કંઈ કરવું હોય તો પણ એ સંકોચાય છે. મનનાં ઉભરાતા ભાવને તરછોડી પીંજરામાં પૂરાયેલા પ્રાણી જેમ ખુલ્લા જંગલમાં દોડવા તરફડતો હોય છે પરંતુ એનાં અંતર-મનનો ચિત્કાર કોઈને સંભળાતો નથી. આ સમાજનું શાસન સરમુખત્યારીહોય છે ન ઈચ્છતા પણ માનવીને આ દોરમાં ખેંચાવું પડે છે.

પરંતુ ખેદ એક જ વાતનો છે કે સમાજમાં નેક સંસ્કારી માણસોનું અસ્તિત્વ પણ હોય છે. આવા માણસનું મન તડપતું હોય છે. હરિદર્શન માટે, દ્રઢ સંકલ્પો અને સંસ્કારો કેળવવા માટે જુઠ્ઠું નહિ બોલવા માટે, ખોટું કંઈ નહિં કરવા માટે, કોઈને દુઃખ નહિ આપવા માટે. સંસ્કારી માણસ માટે જીવન જીવવાની વ્યાખ્યા અલગ જ હોય છે. ગમે તેટલું મક્કમ મનોબળ હોય, કોઈ વાત-વિચાર પોતાની વ્યાખ્યા વિરુદ્ધ હોય, સચોટ વાત મૂકવી પડે એવી અવસ્થા હોય પરંતુ સમાજનાં સભ્યો સામે મક્કમતાથી પોતાની વાત મૂકી નથી શકતો અને તેથી મનોમન અકળાતો વિચારતો હોય કે બોલીશ નહીં તો મારી ભીરુતા પ્રગટ થશે અને બોલીશ તો મારી સાથે બગાવત થઈ જશે અને આ દુવિધાને કારણે ડરથી એ ચૂપ રહેવાનું અધિક વાંછનીય ગણે છે કારણ કે એ સમજે છે કે વાદવિવાદમાં ઉતર્યા વગર ધારેલી વાત મૂકી શકાતી હોય તો મૂકવાની, નહીં તો ખસી જવાનું કારણ કે વાદ-વિવાદથી મહત્વનો મુદ્દો અટવાઈ જાય છે. સંસ્કારી માણસને તો જીવન એવું જીવવું છે કે આ જન્મારામાં પૈસા કમાવવા છે પરંતુ એનો લોભ નથી રાખવો. આગળ આવવું છે પણ કોઈને પગ તળે કચડીને નહીં. સુખ માણવું છે, લહેરથી જીવવું છે પરંતુ ઈચ્છાઓનો અતિરક નથી થવા દેવો. આવા મનુષ્યને તો સંયમ, પ્રમાણકિતા મર્યાદાના આદર્શ ને જ મહત્વ આપી જીવન જીવવું છે. જન્મારો સુધરે અને શુભ ગતિ મળે એ નિર્ણય અને એ જ અભિલાષા રાખી જીવવું છે. પરંતુ સમાજનાં વાણી, વર્તન, વિચારોનાં આવતા વહેણમાં બધી સાત્વિકતા તણાઈ જાય છે. ખોટા કામ કરવા સ્વભાવ વિરુદ્ધ હોય પણ મજબૂરીને કારણે સામાજીક વ્યવસ્થામાં ગોઠવાઈ રહેવા માટે પૈસા માટે દોડવું પડે છે. ભોગ-વિલાસમાં સાથ આપવો પડે છે. જીવનનાં વિચારી રાખેલા સંકલ્પો અને સંસ્કારો અને આદર્શોનું મુલ્ય અનિચ્છાએ પણ બદલવા પડે છે કારણ કે સમય જતાં સમજણ વ્યવહારુ બની જાય છે. હૃદયનાં મૂલ્યો ભલે જુદા હોય પરંતુ સામાજીક આચરણનાં મુલ્યો જુદા છે. બે અલગ વ્યવસ્થામાં તરતા રહેવું માનસિક તનાવ ને આમંત્રે છે. અધૂરામાં પુરું સામાજીક વ્યવસ્થાનાં આ બદલાતા મૂલ્યોનો સતત પ્રચાર ટી.વી. દ્વારા કે છાપાઓ, મેગેઝીનનાં માધ્યમ દ્વારા થતો રહે છે અને જાણે અજાણે માણસ આ વ્યવસ્થામાં ગોઠવાતો હોય છે. મૂલ્યો મિથ્યા થઈ જાય છે. આગળ પડતાં રહેવા ઈચ્છતા અગ્રેસરોનું જનતા સમક્ષ પુરસ્કાર પ્રાપ્તિ દ્વારા માન-સન્માન થાય છે ત્યારે કેળવાયેલા સાચા સિદ્ધાંતો વ્યર્થ ગણાય છે અને સિદ્ધાંતોની વ્યાખ્યા અનર્થમાં ખપી જાય છે. સંસ્કારોથી તો એ જાણ્યું હોય છે કે 'બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા' પરંતુ સમાચાર જગતનાં પ્રચાર માધ્યમનાં વ્યવહારને કારણે લોકો માનતા થયા કે 'જગત સત્ય અને બ્રહ્મ મિથ્યા' અને સમયનાં વાતાવરણનાં વહેણ સાથે અવળા સિદ્ધાંત પ્રમાણે જીવન ચાલતું રહે છે. 'વાતાવરણની અસર અને સામાજીક સંસારની વ્યવસ્થાનો પ્રભાવ' દ્રઢતાથી નિર્ધારિત થયેલી દિલની ખરી અભિલાષા ને સામાન્ય દુન્યવી વ્યવહારમાં

કેવી રીતે વણી શકાય ? આવી નિરાશ અવસ્થા માટે તો એક જ ઉપાય કદાચ છે. ઉપાય એ છે કે,'પોતાનું વાતાવરણ પોતાની સાથે લઈ જવું' તો વાતાવરણને સાથે લઈ જવું એનો અર્થ શું ? આપણું વાતાવરણ આપણી સાથે કઈ રીતે લઈ જવાય? જવાબ મળે છે અવકાશયાત્રીઓની દુનિયામાંથી. અવકાશયાત્રીઓ પોતાની યાત્રા શરૂ કરે ત્યારે એમણે સર્જનાત્મક અવસ્થાની આવડતો કેળવવી પડે. અવકાશયાનમાં પ્રાણવાયુ બનાવવા ભેજની રચના કરવા ગરમી-ઠંડીની સપ્રમાણતા જાળવવા અધ્યતન સાધનો સાથે રાખવા પડે. આ સાધનો દ્વારા અવકાશયાત્રી આખી સફર દરમિયાન એનું પરિચિત હુંફાળુ જીવનદાયક વાતાવરણ સર્જી શકે છે. વાતાવરણ શૂન્ય હોવા છતાં અવકાશ યાત્રી શ્વાસ લઈ શકે છે. નિર્ધારિત શોધખોળ કરી શકે છે.

બસ! આ એક જ ઉપાય છે,'પોતાનું વાતાવરણ પોતાની સાથે લઈ જવું' અર્થાત સંસ્કાર, સિદ્ધાંતો, પ્રમાણિકતાનાં મૂલ્યો સાથે પ્રતિકૂળ વાતાવરણમાં જીવવા, નીતિમય જીવન જીવવા પોતાનાં વાતાવરણનું નિર્માણ કરવા પોતાના જેવા લોકોનો સાથ સંગાથ કેળવવો આ એક જ ઉપાય છે. વિશ્વાસપાત્ર મિત્રો તેમજ આત્મજનોનો સંગ જે પોતે પણ પવિત્ર વિચારધારાનાં આચરણમાં વહેતા હોય એવા મિત્રો કે પરિવાજનોનો સાથ એ જ આપણું વાયુમંડળ. એ જ આપણું વાતાવરણ. આપણાં સિદ્ધાંતો પોષાય, આપણાં આદર્શો સચવાય અને આપણી અંતરની ઈચ્છા પ્રમાણે જીવન જીવી શકાય. આવા મિત્રોનાં વાયુમંડળનાં સહવાસ થકી આપણા સ્પષ્ટ આદર્શો જે સામાજીક વ્યવસ્થાની પ્રણાલી ને કારણે મોળા પડી ગયેલા હોય છે એ આદર્શોને માનભેર જીવી શકીએ. આપણાં આદર્શોને ટેકો મળે. આપણાં ચોક્કસ સિદ્ધાંતોને મિત્રોની હૂંફ મળે અને સિદ્ધાંત સાચવી જીવી શકીએ. ઊંચા જીવન મૂલ્યોને જીવનમાં ઉતારવા સામર્થ્ય અને પ્રોત્સાહન પ્રાપ્ત થાય એ જ ધ્યેય ટકી રહે. દુનિયામાં ગમે તે રીતનું ચલણ હોય પરંતુ આપણું ધ્યેય ટકી રહી શકશે. આ સહવાસ થકી પ્રમાણિકતા અને પવિત્રતાનાં આચરણ માટે અવકાશ મળી રહેશે અને ખરા અર્થમાં 'બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા' ની વ્યાખ્યા સમજી શકાશે.

જીવવા માટે વાતાવરણ જોઈએ. શ્વાસ લેવા માટે પ્રાણવાયુ જોઈએ. તેવી રીતે આપણાં ધ્યેય પ્રમાણેનાં જીવનને ટકાવી રાખવા સમાન વિચારસરણીવાળા મિત્રો જોઈએ. સમાજની ઊંધી ચાલ અને અવળા વહેણ વચ્ચે શુધ્ધ હવા, નિર્મળ વિચારો, સ્વસ્થ ગતિ, પાવન વિચારધારા, મનની સ્થિરતા સાચવી શકાય એવા ધર્મશીલ મનુષ્યોનાં સંગાથની તીવ્રતા હોય તો જીવન આપણી વિચારધારા સાચવી આસાનીથી જીવી શકાય. સૃષ્ટિનાં વાતાવણને કહી શકાય, 'પવન તમે ધીમે વહો! અમને અમારા વાતાવરણને નિર્મિત કરવા દો, તમે ધૈર્ય રાખો' આમ મિત્રો એકાંતે અમારા નિશ્ચય પ્રમાણે જીવન જીવવાની કળાની મહેક માણી લઈએ. અમે સક્ષમ બની અમારી વિચારધારાને જીવીએ અને બીજાને જીવાડીએ. સામાજીક પ્રવાહનાં અવળા ચાલતા વહેણને સીધા વળાંકે વાળી શકીએ. સમય સાથે સ્વસ્થ સંજોગોને પ્રસ્થાપિત કરી શકીએ. હવાનાં ઉંડા શ્વાસો હૃદયમાં ઉતારી પ્રમાણિકતાનાં પાઠ ભણી શકીએ અને બીજાને ભણાવી શકીએ. જીવવું છે જીવન ભરપૂર છતાં કંઈક ખૂટતું લાગે છે. એ ખૂટતા આદર્શોને રગ રગમાં રેલાવી બીજાઓના આચરણમાં રોપી શકીએ. દોસ્ત, સગા, સાથી સાથે સહનશીલતાથી હળી-મળી શકીએ. જ્યાં ધિક્કાર છે ત્યાં પ્રેમ વાવી શકીએ. જ્યાં હતાશા છે ત્યાં આશાનાં કિરણો રેલાવી શકીએ. જ્યાં અંધકાર છે ત્યાં પ્રકાશ અને જ્યાં શોક છે ત્યાં આનંદના વહેણ વહાવી શકીએ. બધા મને સમજે એ કરતાં હું બધાને સમજવા ચાહુ એ ભાવ સદાય દિલમાં રહે. મને કોઈ પ્રેમ આપે એ પહેલા હું એનું પ્રેમથી અભિવાદન કરું એ સમજણ તેમજ આપવાનો આનંદ જ સ્વર્ગનું સુખ છે.

આજ તો આપણા વાયુમંડળનાં દિવ્ય તરંગો છે. જે સામાજીક વાતાવરણમાં સંતુલન જાળવી શકે. આપણે આપણઆં સિદ્ધાંતો અને આદર્શો સાથે માનભેર જીવી શકીએ અને ક્યારેક તો સામાજીક જીવનમાં આ વિચારસરણીની સુગંધ પ્રસરી વળે, સોશીયલ મીડીયા કે ટી.વી. પ્રસારણનાં માધ્યમ દ્વારા સમાજની વિચારકણિકાનાં પ્રતિનિધિ બની શકીએ. ❃❃❃

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ
## શ્રી બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરીટેબલ ટ્રસ્ટ

સર્વે જ્ઞાતીજનો,

સહર્ષ જણાવતાં આનંદ અનુભવીયે છે કે, મંડળ દ્વારા શ્રીમતી સુધાબેન પી. કે. શાહ (પ્રિઅજેને) એજ્યુકેશન સ્કીમ ફોર કોચીંગ ક્લાસીસ (પ્રોફેશનલ કોર્સીસ) SMT. SUDHABEN P. K. SHAH (PRIAJENE) EDUCATION SCHEME FOR COACHING CLASSES (PROFESSIONAL COURSES) એક એવી સ્કીમ હાલમાં શરૂ થયેલ છે. આ સ્કીમ માટે સમાજને રૂા. અગિયાર લાખનું દાન પ્રાપ્ત થયેલ છે.

પ્રોફેશનલ કોર્સીસમાં અભ્યાસ ધરાવતા સર્વે વિદ્યાર્થી તથા મહિલા વિદ્યાર્થીઓને આ સ્કીમનો લાભ લેવા અમારું નમ્ર નિવેદન છે. **કારોબારી સમિતિ વતિ - જસ્મિન બી. શેઠ તથા ધર્મેશ જ. શાહ - માનદ્ મંત્રીઓ**

---

# બાલાસિનોર વિદ્યા મંડળ
## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને માતબર દાન નીચે જણાવેલ દરિયાદિલ દાતાઓ તરફથી મળ્યું છે.

૧) શ્રી નવીનચંદ્ર ઓચ્છવલાલ પારેખ (I.R.S.) (રીટાયર્ડ ચીફ ઈન્કમટેક્ષ કમિશ્નર, ગુજરાત રાજ્ય) તરફથી તેમના ધર્મપત્ની શ્રીમતી ભાનુમતીબેન નવીનચંદ્ર પારેખની મધુર સ્મૃતિમાં ગરીબ વિદ્યાર્થી ફી રાહત યોજના માટે રૂા. ૨,૦૦,૦૦૦ /- (બે લાખ પુરા) નું માતબર દાન મળ્યું છે. તેઓશ્રી એ વર્ષો સુધી ઉપપ્રમુખ તરીકેનો હોદ્દો સ્વીકારી અવિરત સેવાઓ આપી છે અને સંસ્થાને કાયમી માર્ગદર્શન પુરું પાડે છે. તેમજ આ અગાઉ પણ સંસ્થાને તેમની તરફથી માતબર દાન મળ્યા છે.

૨) શ્રી વાડાસિનોર તાલુકા સ્ત્રી કેળવણી મંડળ ગૃહ ઉદ્યોગ, બાલાસિનોર તરફથી ટ્રસ્ટી શ્રી મણીકાન્તભાઈ સી. કડકીઆ હસ્તક રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ પુરા) નું માતબર દાન શ્રી વાડાસિનોર સ્ત્રી કેળવણી મંડળ M.S.W. કોલેજની બહેનોની ફી રાહત માટે મળ્યું છે. આ અગાઉ પર M.S.W. કોલેજના નામકરણ માટે અને વિંગના નામકરણ માટે તથા અન્ય યોજનાઓ માટે અવિરત માતબર દાન મળ્યા છે.

૩) અન્નપૂર્ણા ફાર્મ્સ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટી શ્રી ચેતનભાઈ રમણીકલાલ ધારીઆ હસ્તક રૂા. ૧૦,૦૦૦/- (દસ હજાર પુરા) નું દાન ગરીબ વિદ્યાર્થી ફી રાહત માટે મળ્યું છે. સદર દાતા તરફથી દર વર્ષે અવિરત દાન મળ્યા કરે છે. આપણી સંસ્થાના ફાઉન્ડર મેમ્બર તરીકે પણ તેમના પિતાશ્રી મુરબ્બીશ્રી રમણીકલાલ લલ્લુભાઈ ધારીઆએ આ સંસ્થાની શરૂઆતમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરીને સંસ્થાને વટવૃક્ષ બનાવવામાં સિંહફાળો આપ્યો છે.

૪) બાલાસિનોર વિદ્યામંડળને અતિ સંવેદનશીલ અને સનિષ્ઠ દાતા પરિવાર તરફથી રૂા. ૭,૦૦,૦૦૦/- (સાત લાખ પુરા) નું માતબર દાન મળ્યું છે. આ અગાઉ પણ આ દાતા પરિવાર તરફથી ખુબ મોટા દાન મળ્યા છે. સદર દાતાશ્રીનું નામ હવે પછી જાહેર કરવામાં આવશે. આ દાતાશ્રી સંસ્થાના વિકાસના કાર્યોમાં અવિરત માર્ગદર્શન પુરું પાડે છે.

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપુંજના જાહેર માધ્યમ દ્વારા દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે, અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારોના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે ફેબ્રુઆરી ૨૦૨૩ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, ઓપીડી તેમજ સર્જીકલ ડ્રેસીંગ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ. ફિજીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૬૬૩૫ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૨૯૦ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૩૧૮૫ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૦૭, માયનોર ઓપરેશન ૧૬, ગાયનેકના મેજર ૬૯ ઓપરેશન પૈકી ૩૬ કુટુંબ કલ્યાણનાં તથા માયનોર ઓપરેશન ૧૦ તથા ઈ.એન.ટી. માયનોર ૨૨ ઓપરેશન તેમજ આંખના મેજર ઓપરેશન ૨૫૦ કરવામાં આવેલ છે. તેમજ દવાની કુલ માફી રૂા. ૮૪૫૨૩૭/- તેમજ ઈનડોરમાં રૂા. ૯૫૮૧૦/- ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ, એક્ષરે, ઓક્સિજન વિગેરેમાં) રૂા. ૫૯૫૦૦/- ની માફી મળીને કુલ રૂા. ૧૦૦૦૫૪૭/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ**

૧. **કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** તા. ૧૭.૦૨.૨૦૨૩ ના રોજ ૪૯ દર્દીઓની આંખમાંથી રાહતદરે છારી કાઢવામાં આવેલ.

૨. **મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઈકો કેમ્પ : તા.** ૦૨.૦૨.૨૦૨૩ ના રોજ ૫૨ દર્દીઓના તથા તા. ૧૬.૦૨.૨૦૨૩ના રોજ ૬૧ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

૩. **શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) પોલીઓ અને કુત્રિમ હાથ પગ (જયપુર ફુટ) કેમ્પ** : તા. ૨૧.૦૨.૨૦૨૩ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૭ દર્દીઓએ લાભ લીધેલ. કુલ ૧૯ આર્ટીકલ વિનામુલ્યે આપવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના ભારત વિકાસ પરિષદ વિકલાંગ કેન્દ્રનો સહયોગ મળેલો. આ કેમ્પમાં કુલ્લે રૂા. ૬૦૧૨૫/- ની માફી કરવામાં આવેલ છે.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશીયાલીટી સેન્ટર**માં માહે ફેબ્રુઆરી ૨૦૨૩ ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈ.એન.ટી., ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી તેમજ ગેસ્ટ્રોલોજીનાં મળી કુલ ૧૭૪૬ દર્દીઓએ તથા ઈનડોર માં ૧૦૦ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૨૪૭ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૯૬૮ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૮૬ દર્દીઓએ લાભ લીધેલ છે. રૂા. ૬૧૬૪/- ની દવા માફી કરવામાં આવેલ છે તથા ડાયાલીસીસમાં સરકારશ્રીની યોજના હેઠળ ૨૧૨ દર્દીઓએ લાભ લીધેલ છે.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :**

૧) શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કોલકત્તાવાળા) પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ
(નર્સિંગ કોલેજના નામકરણ માટે વધુ દાનની રકમ (એક કરોડ) રૂા. ૧,૦૦,૦૦,૦૦૦/-

૨) શ્રી રજનીકાંત ચીમનલાલ શાહ (ચકવા) ચેરીટેલ ટ્રસ્ટ હસ્તે
શ્રીમતી ઉષાબેન રજનીકાંત શાહ અને શ્રી નીશીથભાઈ રજનીકાંત શાહ (ચકવા) રૂા. ૭,૫૦,૦૦૦/-

૩) શર્મિષ્ઠાબેન ચંદ્રકાંતભાઈ શાહ (નગરશેઠ) હસ્તે : શ્રી રમેશભાઈ ચંદ્રકાંતભાઈ શાહ રૂા. ૫,૦૦,૦૦૦/-

૪) શ્રીમતી ચંદ્રિકાબેન મહેશભાઈ કડકીઆ (બનડા) રૂા. ૫,૦૦,૦૦૦/-

૫) શ્રી દીલીપભાઈ જયંતીલાલ ધારિઆ
હસ્તે શ્રી જયંતીલાલ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર)ની સ્મૃતિમાં રૂા. ૧,૫૦,૦૦૦/-

૬) એક અનામી દાતા રૂા. ૧,૦૦,૦૦૦/-

૭) શ્રી યોગેશભાઈ રમણીકલાલ કડકીઆ રૂા. ૫૧,૦૦૦/-

૮) શ્રમતી શોભનાબેન યોગેશભાઈ કડકીઆ રૂા. ૫૧,૦૦૦/-

૯) શ્રી અમીતકુમાર હરીશભાઈ અરોરા રૂા. ૧૧,૦૦૦/-

**સુધારો :** શ્રીમતી ગીતાબેન દિનેશચંદ્ર પરીખ હસ્તે શ્રી દિનેશભાઈ ચીમનલાલ પરીખ (રાઠોડિયા) ગત અંકમાં રૂા. ૨,૦૦,૦૦૦/- (બે લાખ) છપાયેલ છે તેને બદલે રૂા. ૨,૫૦,૦૦૦/- (અઢી લાખ) વાંચવા.

જ્યોતિપુંજના ગત અંકમાં નર્સિંગ કોલેજના દાન માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો સર્વે સખાવતી દાતાશ્રીઓએ યોગ્ય પ્રતિસાદ આપવા વિનંતી છે. તેમજ આ અંગે અપીલમાં જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સિંગ કોર્સ તથા બી.એસ.સી. નર્સિંગ કોલેજની ગુજરાત નર્સિંગ કાઉન્સિલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્સ ચાલુ થઈ ગયેલ છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત યોજનામાં રૂા. ૧૧૦૦૦/-** નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા વિનંતી.

**આજીવન સભ્ય ફી :**

૧) શ્રીમતી રીટા મુકેશભાઈ ગાંધી રૂા. ૫,૦૦૦/-

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા વિનંતી.**

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઇ – માનદ્ મંત્રીશ્રીઓ**

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

### અનુકરણીય દાન

સખાવતિ દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી

૧. શ્રીમતી જ્યોતીબેન પ્રફુલભાઈ શાહ (હાથીખાનાવાળા) રૂા. ૧૫,૦૦૦/-

સંસ્થાની કારોબારી સમિતીના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતી વતી – શ્રી મંજુલ ધારીઆ, શ્રી અનીશ ગાંધી તથા શ્રી સમીર શાહ – માનદ્ મંત્રીઓ**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

- **શ્રી તુષાર મહેન્દ્રભાઈ કડકીઆ (બનડા)**
  નવયુગ નગર નંબર -૧, બીજે માળે,
  રૂમ નંબર-૧૭, ફોરજેટ હિલ રોડ,
  ભાટિયા હોસ્પિટલની સામે, મુંબઈ - ૪૦૦૦૩૪
  તુષાર - ૯૮૨૦૬૧૦૪૪૬
  સોનલ - ૯૧૩૬૫૬૨૫૬૧
- **શ્રી દક્ષેશ કાંતીલાલ પરીખ**
  બી/૨૯, ધ અંધેરી ગુલમોહર કો.હા.સો. લિ.
  સી.ડી. બરફીવાલા રોડ, જુહુ લેન,
  અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૮
- **શ્રી કીર્તિ હીરાલાલ કડકીઆ**
  ૧૫૧૦, બી વિંગ, સુભમ રીહાબ,
  વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪
  (મો) ૯૮૨૦૧૫૪૩૧૪
- **શ્રી વિનીત મણીકાંત કડકીઆ (ધંગેલા)**
  બાબુભાઈ ચાલ નં.૪, રૂમ નં.૧૨,
  દત્ત મંદિર રોડ, ન્યુ ક્લાસીક હોટલની સામે,
  શારદા જ્ઞાનપિઠ સ્કુલની પાસે,
  મલાડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૭
  (મો.) : ૯૦૦૪૩૭૪૪૮૧ / ૯૧૬૭૧૩૬૧૫૮
- **શ્રી જયેન્દ્ર સી. દેસાઈ**
  ૩/૫, બીજે માળે, રૂમ નં.-૧૭, તાલમકી વાડી,
  તારદેવ, ગ્રાંટ રોડ, મુંબઈ -૪૦૦૦૦૭
  (મો.) : ૯૩૨૩૮૪૬૮૪૨
- **શ્રી નિતીન રજનીકાંત શાહ**
  ૩-૫/૨૩, બીજે માળે, તાલમકી વાડી,
  તારદેવ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૭
  (મો.) : ૯૮૨૧૫૨૨૧૭૮
- **શ્રી સુકેતુ એમ. પરીખ**
  આરાધ્ય હાઈ પાર્ક, ઠાકુર મોલ પાછળ,
  દહિંસર ચેક નાકા પાસે, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે
  મીરારોડ (ઈસ્ટ), થાણા (વેસ્ટ) - ૪૦૧૧૦૭

## નેશનલ એવોર્ડ વિજેતા

નેશનલ એવોર્ડ ફોર Excellence in orthopedic Surgery મેળવનાર ડૉ. રાજેશ ધારીઆ મુંબઈના બેસ્ટ ડૉક્ટર્સમાંના એક છે.

ડૉ. ધારીઆ મુંબઈની અગ્રગણીય હોસ્પિટલો જેવી કે સૈફી, વોકહાર્ટ, બ્રિચ કેન્ડી, કંબાલા હીલ, ભાટીયા જેવી હોસ્પિટલોમાં પોતાની સર્વિસીસ આપે છે. ઓપેરા હાઉસ સ્થિત ઓફિસ ધરાવતા ડૉ. રાજેશ ધારીઆને હાલમાં જ મહારાષ્ટ્રના ગર્વનરના હસ્તે બેસ્ટ Orthopedic Surgeon in Maharashtra નો ખિતાબ મેળવેલ છે.

ડૉ. ધારીઆ છેલ્લા ૩૦ વર્ષની ઘૂંટણની શસ્ત્રક્રીયા કરે છે. ઘૂંટણના ઓપરેશન બાદ ઘૂંટણ લાંબો સમય ચાલે તે માટે ઘણી નવી Inplant ની ઉત્કૃષ્ટ ડિઝાઈન્સ બનાવેલ છે. છેલ્લા થોડા વર્ષોથી ઓપરેશનમાં રોબોટનો ઉપયોગ પણ થવા લાગ્યો છે. આ માટે ડૉ. ધારીઆ એ ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા, અમેરીકા, સીંગાપોર વગેરે ઘણા દેશોમાં પ્રત્યેક પ્રકારની તાલીમ લઈ ચૂક્યા છે.

નેશનલ ઓવોર્ડ પ્રાપ્ત કરવા બદલ સંસ્થા તરફથી ડૉ. રાજેશ ધારીઆને હાર્દિક અભિનંદન.

## મૃત્યુ નોંધ

- દિપક કાન્તિલાલ કડકિઆ (બનડા) ૭૨
- મેહુલ (માઈક) મહેન્દ્ર મોદી (ચૌધરી) (USA) ૫૯
- ચંદ્રિકાબેન શિરીષકુમાર કડકીઆ (મલમ) ૮૩


**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

દુનિયામાં રહેવા માટેની ત્રણ સૌથી સુંદર જગ્યા,
કોઈના વિચારોમાં, કોઈના હૃદયમાં
અને કોઈની પ્રાર્થનામાં

Authorised Distributors

# POLYCAB
WIRES & CABLES



- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA** +91 9769025153

PRABHAT WIRES LLP · Buy POLYCAB, Buy SAFETY

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month

36

JYOTI PUNJ - April - 2023

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES®

Celebrating 25th Year

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®

Your Indian Distribution Partner

Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE® AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS Lucent ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept · Design · Installation · Supply · Training · Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

To,

If not delivered please return to
JYOTI PUNJ
Shree Balasinor Navyuvak Sangh
118/120, Ardeshar Dadi Street, 2nd Floor,
V.P.Road, Mumbai - 400004.

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh &
Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.